www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૯ ૮ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર; શ્રાવણ વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો

## દરરોજ ભાવ સુધારાના નિર્ણય બાદ એક દિવસમાં સૌથી વધુ વધારો : મુંબઈમાં પેટ્રોલ કિંમત લીટરદીઠ ૮૭.૩૯ સુધી પહોંચી : ઓલટાઈમ હાઈ સપાટીના પરિણામે જ અન્ય ચીજવસ્તુઓ મોંઘી



નવી દિલ્હી,તા. ૭

પેટ્રોલ અને ડીઝલની કિંમત હાલમાં આસમાને પહોંચી રહી છે. ઈંધણની કિંમતમાં અવિરત વધારો થવાના કારણે લોકો હવે ત્રાહીમામ પોકારી ગયા છે. આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધુ વધારો થયો હતો જેથી બંનેના ભાવ ઓલટાઈમ હાઈ સપાટી ઉપર પહોંચી ગયા છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત ૮૭.૩૯ સુધી પહોંચી ગઈ છે. પેટ્રોલ ડીઝલની કિંમતમાં દરરોજ સુધારા કરવાનો નિર્ણય કર્યા બાદથી કોઈ એક દિવસમાં સૌથી મોટો વધારો થયો છે. પેટ્રોલની કિંમતમાં દિલ્હીમાં ૪૮ પૈસાનો વધારો થયો છે જ્યારે દિલ્હીમાં ડીઝલની કિંમતમાં બાવન પૈસાનો વધારો થયો છે. આની સાથે જ ડીઝલની કિંમત વધીને ૭૨.૦૭ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે અને મુંબઈમાં ડીઝલની કિંમત ૭૬.૫૧ રૂપિયા થઈ ગઈ છે. ફયુઅલની કિંમતમાં આજે સતત વધારો કરવામાં આવ્યો હતો.

ફયુઅલની કિંમતમાં નવેસરનો વધારો હવે આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં તીવ્ર વધારાના સંબંધમાં છે. કોલકત્તામાં પેટ્રોલ ૪૭ પૈસા મોંઘુ થઈને હવે ૮૨.૮૮ સુધી પહોંચી ગયુ છે. આવી જ રીતે ડિઝલ ૫૨ પૈસા વધીને ૭૪.૯૨ સુધી ઉંચે પહોંચી ગયુ છે. ચેન્નાઈમાં પેટ્રોલની કિંમત ૫૧ પૈસા વધીને ૮૩.૧૩ રૂપિયા થઈ ગયુ છે. આવી જ રીતે ડિઝલ ૫૬ પૈસા વધીને ૭૬.૧૭ રૂપિયા થઈ ગયુ છે. ડીઝલની કિંમતમાં સતત થઈ રહેલો વધારો મુશ્કેલીમાં મુકે છે. ક્રુડ ઓઈલની કિંમત પણ વધી રહી છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થતા હાલત કફોડી બની રહી છે. સામાન્ય ચૂંટણી નજીક છે ત્યારે કિંમતોમાં વધારો મોદી સરકારની ગણતરી ઉંધી વાળી શકે છે.

# ડોલર સામે રૂપિયો નબળો પડતા વિદેશી દેવું વધશે

## વિદેશી દેવાની ચુકવણી માટે ૬૮૫૦૦ કરોડનો વધુ બોજ : રૂપિયો ૭૩ અને ક્રૂડની કિંમત બેરલદીઠ ૭૬ ડોલર રહેશે તો દેશનું ઓઇલ બિલ ૪૫૭૦૦ કરોડ સુધી વધી જશે

નવીદિલ્હી, તા. ૭

ડોલર સામે રૂપિયામાં સતત ગગડી રહ્યો છે ત્યારે ભારતની તકલીફ પણ વધી રહી છે. ભારતને વિદેશી દેવાની ચુકવણી કરવા વધારે મુશ્કેલી નડી રહી છે. રૂપિયો નબળો પડ્યા બાદ વિદેશી દેવાની ચુકવણી કરવા ભારત પર વધારાના ૬૮૫૦૦ કરોડ રૂપિયાનો બોજ આવી ગયો છે. વિદેશી દેવાની રકમ સતત વધી રહી છે. આ વર્ષે ડોલર સામે રૂપિયામાં ૧૧ ટકાથી વધુનો ઘટાડો થઈ ચુક્યો છે. દેશમાં આવી સ્થિતિમાં આગામી મહિનાઓમાં ટૂંકાગાળાના દેવાની ચુકવણી કરતી વેળા ૬૮૫૦૦ કરોડ રૂપિયા વધારાના આપવા પડશે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. ગુરુવારના દિવસે ડોલર સામે રૂપિયો ૭૨ સુધી નીચે પહોંચી ગયો હતો. ઉભરતા માર્કેટમાં વિકાસશીલ દેશોની કરન્સીમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. વર્તમાન ખાતાકીય ખાદ તીવ્ર ગતિએ વધી રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો રૂપિયો આ વર્ષે ડોલર સામે ૭૩ સુધી પહોંચી જશે તો ક્રૂડ ઓઈલનું બિલ પણ વધી જશે. જો ક્રૂડ ઓઈલ ૨૦૧૮ના બાકીના મહિનાઓના ગાળામાં બેરલદીઠ ૭૬ ડોલરની સપાટી ઉપર રહેશે તો દેશનું તેલ આયાત બિલ ૪૫૭૦૦ કરોડ રૂપિયા સુધી વધી જશે.

# કાશ્મીરના ડીજીપીની બદલી

## વૈદ્ય અંતે દુર થયા : દિલબાગ સિંહને ડીજીપીની જવાબદારી મળી : વર્ષ ૧૯૮૬ની બેચના અધિકારી વૈદ્યને અન્ય જવાબદારી

શ્રીનગર,તા. ૭

જમ્મુ કાશ્મીરના પોલીસ વડા એસપી વૈદ્યને ગુરૂવારે મોડી રાત્રે તેમના પદથી દુર કરી દેવામાં આવ્યા હતા અને તેમની જગ્યાએ પોલીસ મહાનિર્દેશક (જેલ) દિલબાદસિંહને રાજ્યના પોલીસ વડા તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી છે. એક સત્તાવાર આદેશમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા આદેશ જારી કરીને આ મુજબની વાત કરી છે. વર્ષ ૧૯૮૬ની બેચના આઈપીએસ અધિકારી વૈદ્યની બદલી અન્ય હોદ્દા પર કરવામાં આવી છે. આદેશમાં લખવામાં આવ્યુ છે કે એક સ્થાયી વ્યવસ્થા થાય ત્યાં સુધી વર્ષ ૧૯૮૭ની બેચના અધિકારી દિલબાગ સિંહ આ હોદ્દાની જવાબદારી સંભાળશે. વર્ષ ૧૯૮૬ની બેંચના જમ્મુ કાશ્મીર કેડરના આઈપીએસ વૈદ્યને દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલના વિશ્વાસી સાથી તરીકે ગણવામાં આવે છે. તેમને ઓપરેશન ઓલઆઉટ સહિત અનેક ઓપરેશનને સફળતાપૂર્વક અંજામ આપ્યા છે. વૈદ્ય જમ્મુ કાશ્મીરના કથુઆ વિસ્તારના છે. પોતાના સાહસના કારણે તેમને વીરતા પુરસ્કાર પણ મળી ચુક્યા છે.

# લાલ કિલ્લા નજીક બે ખૂંખાર ત્રાસવાદી પકડાયા

## ઝડપાયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારો જપ્ત : ઇસ્લામિક સ્ટેટ સાથે ત્રાસવાદીઓના સંબંધ : બંને હાલ પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર

નવી દિલ્હી, તા. ૭

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને મોટી સફળતા હાથ લાગી છે. સ્પેશિયલ સેલે ઐતિહાસિક લાલકિલ્લાની પાસેથી ઈસ્લામિક સ્ટેટના બે ખૂંખાર આતંકવાદીઓને પકડી પાડ્યા છે. આ બંને આતંકવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં એકની ઓળખ પરવેઝ તરીકે અને બીજાની ઓળખ જમશેદ તરીકે થઈ છે. આ બંને આતંકવાદીઓને લાલકિલ્લા નજીક જામા મસ્જિદ બસ સ્ટોપથી પકડી પાડ્યા છે. આ અંગેની માહિતી આજે સ્પેશિયલ સેલના ડીસીપી દ્વારા આપવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ આ બંને ત્રાસવાદી ઈસ્લામિક સ્ટેટ ઈન જમ્મુ કાશ્મીર સાતે જોડાયેલા છે. આ સંગઠન ઈસ્લામિક સ્ટેટ સાથે સીધીરીતે સંબંધ ધરાવે છે. આ આતંકવાદીઓ પાસેથી વિસ્ફોટકો મળી આવ્યા છે. આ ઉપરાંત તેમની પાસેથી બે પિસ્તોલ, ૧૦ કારતુસ, ચાર મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા છે. આતંકવાદીઓ પાસેથી જપ્ત કરવામાં આવેલા હથિયારો ઉત્તરપ્રદેશમાંથી ખરીદવામાં આવ્યા હતા અને ત્રાસવાદીઓ દિલ્હીથી કાશ્મીર જઈ રહ્યા હતા. કાશ્મીરના રહેવાશી હોવાનું જાણવા મળ્યું છે. બંનેની સામે એફઆઈઆર દાખલ કરીને ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા બંનેની પુછપરછ કરવામાં આવી રહી છે. ધરપકડ કરવામાં આવેલા ત્રાસવાદી પરવેઝના ભાઈનું મોત જાન્યુઆરીમાં એન્કાઉન્ટરમાં થયું હતું. પરવેઝ પહેલા હિઝબુલ મુઝાહિદીનમાં સામેલ હતો ત્યારબાદ ઈસ્લામિક સ્ટેટ ઈન જમ્મુ કાશ્મીરમાં સામેલ થયો હતો. બંને ત્રાસવાદીઓ દિલ્હીમાં કોઈ હુમલા કરવાની યોજના ધરાવતા ન હતા. દિલ્હીમાં તેમના પ્લાનના સંદર્ભમાં કોઈ વિગત મળી શકી નથી. પોલીસે કહ્યું છે કે, પ્રથમ લીડર ઉંમર નઝીર છે અને બીજા નંબર પર અદીમ થોકર છે. બંને ત્રાસવાદી અદીલ ઠોકરના આદેશ ઉપર કામ કરી રહ્યા હતા. હાલમાં બંનેને પાંચ દિવસની કસ્ટડીમાં લેવાયા છે.

## ન્યુઝ ટ્રેક

### પ.બંગાળમાં વધુ એક પુલ ધરાશાયી

પશ્ચિમ બંગાળમાં શુક્રવારે સિલિગુડીમાં પણ નદી પર બનેલો એક પુલ પડી ગયો છે. વર્ષ ૨૦૧૩ પછી શહેરમાં પુલ પડવાની આ ત્રીજી ઘટના છે. મંગળવારે જ પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતામાં એક ફ્લાઈઓવર ધરાશાયી થઈ ગયો હતો.

### રાહુલ ગાંધી કૈલાશ માનસરોવર પહોંચ્યા

જાહેરમાં પોતાને કેટલીય વખત પોતાને 'શિવભકત' બતાવી ચૂકેલા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી હાલ કૈલાસ માનસરોવરની યાત્રા પર છે. રાહુલ ગાંધી સતત ત્યાંથી તસવીરો પણ શેર કરી રહ્યાં છે. પરંતુ પહેલી વખત રાહુલ ગાંધીની પોતાની તસવીર સામે આવી છે.

### દેશમાં ૧૦ વર્ષમાં ૧૦,૦૦૦ સીએનજી સ્ટેશન ઊભાં કરાશે

ભારતમાં ૨૦૩૦ સુધીમાં ૧૦,૦૦૦ સીએનજી સ્ટેશન ખોલવામાં આવશે એવું કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ૫૮મા વાર્ષિક સિયામના સમારોહ ખાતે જણાવ્યું હતું. દેશમાં એપ્રિલ-૨૦૧૮ સુધીમાં કુલ ૧૪૨૪ સીએનજી સ્ટેશન છે.

### દીવાળી સુધીમાં ૨૦ રૂપિયાની નવી નોટ આવશે

ભારતીય રિઝર્વ બેંક દીવાળી સુધીમાં ૨૦ રૂપિયાની નવી નોટ જારી કરી શકે છે. નોટની ડિઝાઈન તૈયાર થઈ ચૂકી છે અને પ્રિન્ટિંગ પેપર તૈયાર કરવામાં આવી રહ્યું છે. નોટ પર યૂનેસ્કો દ્વારા વિશ્વ ધરોવર તરીકે સામેલ મહારાષ્ટ્ર અને ઔરંગાબાદ સ્થિત અજંતાની ગુફાઓનો ફોટો હશે.

### ચાબહાર પોર્ટરને આગામી મહિને ભારતને સોંપાશે

ઈરાનના શહેરી વિકાસ મંત્રી અબ્બાસ અખુંદીએ કહ્યું કે એક અંતરિમ સમજૂતી અંતર્ગત એક મહિનામાં ચાબહાર બંદરને ભારતીય કંપનીના હવાલે કરવામાં આવશે કે જેથી ત્યાંથી કામ શરૂ થઈ શકે.

# મોબિલિટી અર્થવ્યવસ્થાને ગતિ આપવામાં ચાવીરૂપ છે : પ્રધાનમંત્રી

ન્યુ દિલ્હી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશની પહેલી વિશ્વ મોબિલિટી સમિટ 'મૂવ'નું ઉદ્ઘાટન કર્યું. નવી દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવનમાં આયોજીત ગ્લોબલ મોબિલિટી સમિટના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાને કહ્યું કે સારી મોબિલિટી સારી નોકરીઓ, સ્માર્ટ માળખાકિય સુવિધા પ્રદાન કરે છે અને જીવનની ગુણવત્તામાં સુધાર લાવે છે. ઉલ્લેખનીય છે કે, સમિટમાં અન્ય વાતો ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન અને સંયુક્ત મોબિલિટીને પ્રોત્સાહન જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. નીતિ આયોગ બે દિવસની સમિટનું આયોજન કરી રહ્યું છે. તે ૭થી ૮ સપ્ટેમ્બર સુધી ચાલશે.

● અનુસંધાન પાન-૭ પર




# રોહિંગ્યાઓને મમતા બેનર્જી આશરો આપે છે : બીએસએફ ડીજી

## આ વર્ષે ભારત-બાંગ્લાદેશ સરહદેથી ૧૧ લાખની નકલી નોટો પકડાઈ

ન્યુ દિલ્હી,તા.૭

રોહિંગ્યા મુસ્લિમો ભારતમાં આવવાને લઈ દેશમાં રાજકીય માહોલ કેટલીય વખત ગરમાયો છે. રાજકીય નિવેદનથી અલગ શુક્રવારના રોજ મ્જીહ્લના ડીજી કે.કે.શર્માનું નિવેદન સામે આવ્યું છે. કે.કે.શર્માનું કહેવું છે કે બોર્ડરથી આવનાર રોહિંગ્યાઓને બીએસએફે સંપૂર્ણપણે રોકી દીધું છે, પરંતુ ચિંતા એ રોહિગ્યાઓની છે જે પહેલેથી જ ભારતમાં છે.

આપને જણાવી દઈએ કે કેન્દ્ર સરકાર ભારતમાં હાજર અંદાજે ૪૦,૦૦૦ રોહિંગ્યાઓને પાછા મોકલવાનું પ્લાન કરી રહી છે. એવામાં બીએસએફના ડીજીનું નિવેદન હેરાન કરનાર છે. કે.કે.શર્માએ કહ્યું કે ભારતમાં હાલના રોહિંગ્યાઓને તે રાજ્યોમાં વસતા રોકી શકતા નથી. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળની સરકાર રોહિંગ્યાઓ સાથે મિત્ર વ્યવહાર કરે છે. ત્યાં તેઓને કેમ્પમાં વસાવીને રાખવામાં આવી રહ્યાં છે. પત્રકાર પરિષદને સંબોધતા ડીજી બીએસએફે કહ્યું કે બાંગ્લાદેશ બોર્ડરથી ભારત આવનાર નકલી નોટોમાં પણ હવે ઘટાડો આવ્યો છે. તેમણે આ અભિયાનની અંતર્ગત બોર્ડર ગાર્ડિંગ બાંગ્લાદેશ (BJB)ના સહયોગના પણ ખૂબ વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે આ વર્ષે ભારત-બાંગ્લાદેશ સરહદ પરથી માત્ર ૧૧ લાખની નકલી નોટો પકડાઈ છે જો કે ગયા વર્ષની સરખામણીમાં ઘણી ઓછી છે.

Hi Tech HOSPITAL
ડૉ. નીતિશા અગ્રવાલ માંડલિયા
ચામડી તથા વાળ ના રોગો ના નિષ્ણાત
DNB ( સ્કિન ) ( મુંબઈ ), MNAMS ( ન્યૂ દિલ્હી )
: ઉપલબ્ધ સારવાર :
ચામડી ના તમામ રોગો | ધાધર ( ફૂગ ) ના સ્પેશ્યલિસ્ટ | અણગમતા વાળ દૂર કરવા માટે લેસર સારવાર
ખરતા વાળ, ટાલ તથા વાળ ના રોગો ની સારવાર | ખીલ તથા ખીલ ના ડાઘ તથા ખાડા ની સારવાર
પીલીંગ થેરાપી | સ્કિન પોલિશિંગ (ત્વચા નિખાર તથા સૌંદર્ય માટે) | અણગમતા ટેટુ દૂર કરવા લેસર સારવાર
ચેપી બિન ચેપી મસા તથા કોની ની લેસર થી સારવાર | સફેદ ડાઘ તથા સોરિયાસીસ ની સચોટ સારવાર
મળવાનો સમય :
સોમવાર થી શનિવાર : ૧૦ થી ૧૨ કલાકે
સ્થળ : હાઈટેક હોસ્પિટલ, ગાંધીનગર.
079 23240555
9408128796
સેક્ટર ૩ડી, પ્લોટ નં. ૧૧૮૦, ઘ રોડ, ઘ ૧.૫ ના બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર ૩૮૨૦૦૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અપોલો હોસ્પિટલ્સ ,હોલિસ્ટિક સ્પાઈન ક્લિનિક અમદાવાદ દ્વારા " ગાંધીનગર " ખાતે નિયમિત સેવાઓ
ડો. સૌમિલ એચ. માંડલિયા
કન્સલ્ટન્ટ સ્પાઈન સર્જન , અપોલો હોસ્પિટલ્સ, MNAMS, DNB (ઓર્થો), સ્પાઈન ફેલો (નવી દિલ્હી)
કરોડરજ્જુ ને લગતી તમામ તકલીફો નો સરળ અને સલામત ઉકેલ
કમર દર્દ / પીઠ દર્દ । સાયેટિકા । સ્લિપ્ડ ડિસ્ક । ગરદન દર્દ
ઉમર ને લગતી કરોડરજ્જુ ની સમસ્યાઓ । ખભા નો દુખાવો
ડૉ. પ્રવીણ સક્સેના
એમબીબીએસ, એમએસ (ઓર્થો.)
ફેલો માઈક્રોસર્જરી ( જર્મની )
ફેલો અન્ડોસ્કોપિક સ્પાઈન ( એમ્સ , નવી દિલ્હી )
Apollo HOSPITALS
SPINE CLINIC
ડૉ. ઋત્વિજ ભટ્ટ
એમબીબીએસ, ડીએનબી ( ઓર્થો )
ફેલો સ્પાઈન સર્જરી ( સંચેટી હોસ્પિટલ, પુણે )
૨૧૭ બીજે માળ, બી- માર્ટ ની ઉપર, સિદ્ધરાજ ઝોરી , સરગાસણ, ગાંધીનગર
મંગળવાર થી શનિવાર - સાંજે 6 થી 8
અપોઈન્મેન્ટ માટે સમ્પર્ક કરો : ૯૪૨૯૯૩૫૬૩૦

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી
દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ
સિમલા મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની વાયનાડ-હસન
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ સી.જી.રોડ, અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

EXHIBITION... || Shri Hariji || GANDHINAGAR..
આજે અને આવતી કાલે
DHARAMRAJ JEWELLERS
C.G.Road, Ahmedabad Presents
Premium Jewellery Exhibition & Sale
You are Cordially Invited with Family & Friends
916 Gold
Real Diamond
Special Offers
199/₹* PerGm Making Charges in Gold Jewellery
100% Discount Making Charges in Diamond Jewellery
08 Sat. 09 Sun. Sep.-2018, 10 to 8
99099 44724
94276 24360
Fortune Inn Haveli, The East Wing, Plot No. 235, Sector 11, GANDHINAGAR
Gold - Diamond - Platinum - Solitare - Vilandi - Antique
The Tradition of Trust
DHARAMRAJ JEWELLERS
GOVT. APPROVED VALUER
C.G. Road, Navrangpura, Ahmedabad. (079-26561174/75) • 9909944724
Dr. Harshadbhai K. Zinzuwadia (M.B.B.S.) - 98250 34934